# યઝીદ(લ.અ.)ના દરબારમાં જનાબે ઝયનબ(સ.અ.)નો ખુત્બો

અંક ૧૭૯માં આપણે જોયું કે જનાબે ઝયનબ(સ.અ.)એ પોતાના ખુત્બાની શરૂઆત એવા દુઃખી અને ગમગીન અવાજમાં કરી કે જેનાથી દિલ કાંપી ઉઠે. એજ ખુત્બાનો અંતિમ ભાગ અહીં વર્ણવીએ છીએ.

*(ગયા અંકથી શરૂ..)*

જનાબે ઝયનબ(સ.અ.) પોતાના ખુત્બાને આગળ વધારતા યઝીદ(લ.અ.)ને કહે છેઃ

“હું કસમ ખાઉં છું, બેશક તે અવાજ આપી છે કે અગર તેઓ તને જોતે તો નજીકમાં જ તું તેને જોશે અને તે તને જોશે અને તું એમ ચાહીશ કે કાશ તારા હાથને લકવો થઈ જાત અને તું એ ઈચ્છા કરીશ કે કાશ તારી માએ તને પોતાના પેટમાં ન રાખ્યો હોત અને કાશ તારા બાપે તને પૈદા જ ન કર્યો હોત. જ્યારે તું અલ્લાહના ગુસ્સા તરફ આગળ વધ્યો છે, ત્યારે તારી અને તારા બાપની સામે રસૂલલ્લાહ(સ.અ.વ.) હશે.

પરવરદિગાર! આ લોકો પાસેથી અમારો હક વસુલ કર! આ ઝાલિમોથી અમારો બદલો લે! તું એના પર તારો અઝાબ

નાઝિલ કર જેણે અમારૂં ખુન વહાવ્યું છે, જેણે અમારા હકને પાયમાલ કર્યો, અમારી મદદ કરવાવાળાઓને કત્લ કર્યા અને અમને બેપર્દા કર્યા. તે જે કર્યુ તે કર્યુ (અય યઝીદ! તારા આ અઝીમ ગુનાહથી) તે પોતે તારી પોતાની ચાકડી ખેંચી છે, તે પોતે તારા હાથો વડે તારા ગોશ્તના ટૂકડે ટૂકડા કરી દીધા. બહુ જ જલ્દી એ સમય આવવાવાળો છે કે તને ખુબ જ ઝીલ્લત અને રૂસ્વાઈની હાલતમાં રસૂલેખુદા(સ.અ.વ.)નો સામનો કરવો પડશે. એ હાલતમાં કે તારી ગરદન પર તેમની ઝુર્રીયતનું ખૂન હશે અને તેમની હુરમતને તુએ પાયમાલ કરવા, એમની ઈતરતનું ખુન વહાવવા અને તેમના ગોશ્તને ટૂકડે ટૂકડા કરવાનો અઝાબ તું તારી ગરદન પર રાખતો હશે. પછી જોજે કેવી રીતે અલ્લાહ રીસાલતના બગીચાના ફુલોને ભેગા કરશે, કેવી રીતે તેમની હાલતને બેહતર બનાવશે અને કેવી રીતે ઝુલ્મો-જોર કરવાવાળા બાગીઓથી અમને અમારો હક અપાવશે એ ખલ્લાકે આલમનું ફરમાન છેઃ

‘અને ખબરદાર! રાહે ખુદામાં કત્લ થવાવાળાઓને મુરદા સમજશો નહિ. તેઓ જીવતા છે અને પોતાના પરવરદિગારની તરફથી રિઝ્ક મેળવી રહ્યા છે. ખુદાના તરફથી મળવાવાળી ફઝ્લો કૃપાથી તેઓ ખુશ છે.’ *(સૂ. આલે ઈમરાન, આ. ૧૬૯-૧૭૦)*

તારા માટે બસ એટલું જ જાણી લેવું પૂરતું છે કે અલ્લાહ અમારો વલી છે અને તે જ ફેંસલો કરશે, મોહમ્મદ(સ.અ.વ.)

દાવેદાર હશે અને જીબ્રઇલ અમીન મદદગાર હશે અને નજીકમાં જ તે લોકો પોતાનો અંજામ જોઇ લેશે, જેઓએ જમીનને તારા માટે તૈયાર કરી અને તને આ જગ્યા પર પહોંચાડ્યો અને મુસલમાનો પર સત્તાધીશ કર્યો કે

‘ઝાલિમો માટે બદ્તરીન બદલો છે.’

*(સૂરે કહફ, આયત નંબરઃ ૫૦)*

‘એ સમયે એ પણ સ્પષ્ટ થઇ જશે કે તમારા લોકોનું ઠેકાણું સૌથી ખરાબ છે અને તે ખુબ જ વધારે ગુમરાહ છે’

*(સૂરે ફુરકાન, આયત નંબરઃ ૩૪)*

(અય યઝીદ!) જો કે ઝમાનાની મુસીબતોએ મને તારી સાથે વાત કરવા પર મજબૂર કરી દીધી છે, પરંતુ મારી નજરમાં તું એકદમ હલકો અને ઝલીલ શખ્સ છે. તેં (મારા ભાઇ અને ખાનદાનની મુસીબતમાં) મુસલમાનોની આંખોને રડાવી અને તેમની છાતીઓને ઝખ્મી કરી દીધી.

આ બારામાં તારા મદદગારો ખુબ જ પત્થર દિલ છે. તું બંડખોર લોકો, ખુદાના અઝાબ અને રસૂલની લાનતથી ભરેલા શરીરો અને તેમના સમૂહોનો સહારો લઇને આગળ વધ્યો, શૈતાને જ્યાં પોતાનું ઘર બનાવીને રાખ્યું છે અને ઇંડાઓ રાખે છે.

આશ્ચર્ય છે! ખુબ જ આશ્ચર્ય છે! મુત્તકીન અને અંબિયાના ફરઝંદો, તેમના આઝાદ કરાયેલા ગુલામો વલદુઝઝીના અને

ફાજીરોની ઔલાદના હાથો વડે કત્લ થયા. અમારૂં લોહી તમારા પંજાઓમાંથી ટપકી રહ્યું છે અને અમારૂં ગોશ્ત તમારા મોઢાઓમાંથી બહાર આવી રહ્યું છે. ઝમીન પર પડેલા આ પાક અને પવિત્ર શરીરોથી વરૂઓ સરકશી કરી રહ્યા છે અને શિયાળ તેમને માટીમાં મેળવી રહ્યા છે.

અગર તું એવું વિચારી રહ્યો છે કે આજે તે ગનીમત મેળવી લીધી છે અને ફાયદો હાંસિલ કરી લીધો છે, તો ખુબ જ જલ્દી તું નુકસાન ઉઠાવીશ. એ સમયે તારા હાથોમાં એ જ આવશે જે તું પહેલા મોકલી ચૂક્યો છે અને ખુદાવંદે આલમ ક્યારેય પણ પોતાના બંદાઓ પર ઝુલ્મ નથી કરતો. અમે ખુદાથી ફરિયાદ કરીએ છીએ અને તેના પર ભરોસો કરીએ છીએ. તું જે કાંઇ ચાલબાજી કરવા ચાહે છે તો કરી લે અને જે કોશિશો કરવા ચાહે તે કરી લે.

કસમ છે મને એ પરવરદિગારની જેણે અમને વહી અને કિતાબ (કુરઆન), નબુવ્વત અને પોતાના ખાસ બંદા હોવાનો શરફ અતા કર્યો. તું અમારા મરતબાને પામી નથી શકતો, અમારી ઇન્તેહા સુધી નથી પહોંચી શક્તો, અમારા ઝિક્રને મીટાવી નથી શક્તો અને તે જે અમને બેપર્દા કર્યા છે (એ ગુનાહથી) તું તારા હાથ ધોઇ નથી શક્તો.

યઝીદ! તારી ફિક્ર કાંઇ નથી સિવાય બદગુમાની. તારી ઝિંદગીમાં બસ થોડા દિવસો બાકી રહી ગયા છે. તારી

વિશાળતાનો અંત આવવાનો છે અને એ દિવસ નઝદીક છે જ્યારે મુનાદી નિદા આપશે 'ઝાલિમ અને સરકશી કરવાવાળા પર લાનત છે'

હમ્દ અને શુક્ર છે એ પરવરદિગારના માટે કે જે દુનિયાઓનો પાલનહાર છે! જેણે પોતાના અવલીયા માટે ખુશનસીબીનો હુકમ દીધો અને પોતાના અવસીયા માટે તેમની ઈચ્છાઓ સુધી પહોંચને સંપૂર્ણ બનાવી. તેઓને પોતાની રહેમત, બુલંદી, રેઝા અને મગ્ફેરતની તરફ લઈ ગયા અને તેમના થકી (અય યઝીદ) તારી સિવાય કોઈ બદબખ્ત નથી બન્યું અને અઝાબમાં ગિરફતાર નથી થયું.

અમે અલ્લાહની બારગાહમાં દરખ્વાસ્ત કરીએ છીએ કે તેઓને (કરબલાના શહીદોને) સંપૂર્ણ બદલો આપે, તેમના સવાબને પુષ્કળ અને તેમના વારિસો અને જાનશીનોને પોતાના હુસ્નો કરમથી નવાઝિશ કરે. ચોક્કસ તે જ રહેમ કરવાવાળો અને મોહબ્બત કરવાવાળો છે.''

** ખુલાસોઃ*

હઝરત પયગમ્બર(સ.અ.વ.)ના એહલેબૈત(અ.મુ.સ.) એ શખ્સીયતો છે જેમના કમાલાતને ઈન્સાનીયત પામી નથી શક્તી. જંગના મૈદાનમાં જ્યારે ઈસ્લામ પર મુશ્કેલી આવી પડી તો હઝરત અલી(અ.સ.) અને ઔલાદે અલી(અ.સ.)એ સહારો આપ્યો. પરંતુ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પછી આ જ

એ હઝરત અલી(અ.સ.) હતા કે જેમણે સરવરે કાએનાતની વસીય્યત પર અમલ કરતા પોતાનો હક છીનવાઈ જવા પર એક મહાન સબ્રને વ્યક્ત કરી. એવી જ રીતે મેદાને કરબલામાં જ્યારે ખુદાવંદે આલમે દુનિયાની સામે સબ્રની ઈન્તેહાનું એક મહાન ઉદાહરણ કાયમ કરવા ચાહ્યું તો ઈમામ હુસૈન(અ.સ.)એ પોતાની અને પોતાના અસ્હાબની કુરબાનીઓ થકી ખુદાના મકસદને પૂરો કર્યો, પરંતુ કરબલાના બનાવ પછી જ્યારે અલ્લાહના મકસદ અને ઈલાહી પૈગામને નજાત દેવડાવવાવાળા ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતને યઝીદની બયઅતની સામે બગાવતનું નામ આપી રજૂ કરવામાં આવી ત્યારે ફસાહત અને બલાગત તથા ખિતાબતના અમીર, હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.સ.)ની દુખ્તરના આ ખુત્બામાં હૈદરી અંદાજની ગરજે એ વાતને સાબિત કરી દીધી કે ઝુલ્મ અને ઝાલિમને બેનકાબ કરવું એ ખાનદાને ઈસ્મતો તહારતની રવિશ છે.

ખુદાયા! તને એહલે હરમની બેપર્દગીનો વાસ્તો, ઈમામ હુસૈન(અ.સ.)ના ખૂનનો બદલો લેવાવાળા હઝરત ઈમામે ઝમાના(અ.સ.)ના પૂરનૂર ઝહૂરમાં જલ્દી ફરમાવ. આમીન.

અલ્લાહુમ્મ લઅન કતલતલ હુસૈન(અ.સ.)
વ અવલાદિલ હુસૈન(અ.સ.) વ અસ્હાબિલ હુસૈન(અ.સ.)

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com